ભિલોડા તાલુકાના ભેટાલી ગામમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય



ભિલોડા,તા.૬

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભેટાલી ગામમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે. પ્રજાજનો હેરાન પરેશન થઈ રહ્યા છે. ભેટાલી ગામના સામાજીક કાર્યકર કિરણભાઈ પટેલ સહિત જાગૃત ગ્રામજનોના જણાવ્યા મુજબ ઠેર-ઠેર અસહ્ય ગંદકી, કાદવ, કિચડ અને ઉકરડાનું સામ્રાજ્ય દિન-પ્રતિ-દિન વધતાં રોગચાળો ફેલાવવાની દહેશત ફેલાઈ છે.માખી,મચ્છરો,જીવાતનો ઉપદ્રવ વધી રહ્યો છે. વયોવૃધ્ધ બુઝુર્ગો, નાના બાળકો સહિત બાઈક ચાલકો અસહ્ય ગંદકીમાં લપસી પડતા હોવાના કારણે ભયંકર સમસ્યા સર્જાય છે પરંતુ નગરોળ તંત્રના આળસુ અધિકારીઓ કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા છે તેમ ગ્રામજનોએ જણાવ્યું હતું. અસહ્ય ગંદકીથી ગામ ખદબદતું હોવા અને વારંવાર રજુઆત કરવા છતાં સત્તાધીશો કુંભકર્ણની નિદ્રામાં પોઢ્યા છે. ભિલોડા તાલુકા પંચાયત,ભેટાલી ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ, તલાટી ક્રમ મંત્રી સહિત લાગતા વળગતા જવાબદાર સત્તાધીશોને રજુઆતો લેખીત, મૌખીક કરવા છતાં આળસ કેમ ખંખેરતા નથી ? સ્વચ્છ ભારત અંતર્ગત સ્વચ્છતાની મોટી મોટી ગુલબાંગો ફુકવામાં આવે છે પરંતુ સ્વચ્છતાની વાતો તો જાણે કે પોકળ સાબીત થઈ રહી હોય તેવો માહોલ ભેટાલી ગામમાં અસહ્ય ગંદકી ચોમેર જોવા મળી રહી છે. ભેટાલી ગામમાં એક તરફ વર્ષોથી પીવાના પાણીની સમસ્યા હોવા છતાં બેફામ પાણી વેડફતા હોવાના કારણે ગંદકીનું સામ્રાજ્ય વધતું જાય છે. પાણીની પાઈપ લાઈનો લીકેજ હોવાના કારણે પાણીજન્ય જીવલેણ રોગચાળો ફાટી નીકળશે તેવી પ્રબળ સંભાવના હોઈ પરંતુ વારંવાર રજુઆતો કરવા છતાં આજ દિન સુધીમાં કોઈ જ નક્કર પગલાં સત્તાધીશો ધ્વારા કે વહીવટી તંત્ર ધ્વારા યોગ્ય પગલાં કેમ ભરવામાં આવતા નથી ? ભેટાલી ગામમાં ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાયું છે ત્યારે સત્વરે ગંદકી હટાવવામાં નહી આવે તો જાગૃત ગ્રાજનો ધ્વારા ગાંધીચિધ્યા માર્ગે આંદોલન ચલાવવામાં આવશે તેમ જણાવ્યું હતું.

ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં સત્તાધીશો અને વહીવટી તંત્રના અધિકારીઓની લાપરવાહીના કારણે ઠેર-ઠેર અસહ્ય ગંદકીનું સામ્રાજ્ય ફેલાઈ રહ્યું છે. સ્વચ્છતા અભિયાન અંતર્ગત લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટો આવે છે પરંતુ સ્વચ્છતાનો ઠેર-ઠેર અનહદપણે અભાવ જોવા મળી રહ્યો છે.સ્વચ્છતાના નામે આવતી લાખો કરોડો રૂપિયાની ગ્રાન્ટોમાં વ્યાપક ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાની ઠેર-ઠેર બુમરાણ સંભળાય છે. સ્વચ્છતા અભિયાનના ઠેર-ઠેર લીરેલીરા ઉડી રહ્યા છે પરંતુ ભ્રષ્ટાચારી અધિકારીઓની ઉંઘ કેમ ઉડતી નથી ? તેમ લોકમુખે ચર્ચાય છે.



મોડાસામાં માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં જીલ્લા ટ્રાફિક પોલીસ અને રોડ ટ્રાન્સપોર્ટ વિભાગ દ્વારા ૩૦માં રાષ્ટ્રીય માર્ગ સલામતી સપ્તાહ અંતર્ગત મોડાસા શહેરમાં મોડાસા પોલીસ તંત્ર, આર.ટી.ઓ, ટ્રાફિક તેમજ બ્રિગેડ ના જવાનો અને શાળાના બાળકોના સહયોગથી મોડાસા શહેરના માર્ગો પર વાહનચાલકો અને પ્રજાજનોમાં ટ્રાફિક નિયમનનું પાલન કરવા, ચાલુ વાહને મોબાઈલ ફોનનો ઉપયોગ ન કરવા, ટૂ વ્હીલરમાં હેલ્મેટ ફરજીયાત પહેરવા, ફોરવ્હીલ ચલાવતી વખતે સીટબેલ્ટ ફરજીયાત બાંધવા જેવા સાવચેતીરૂપી નિયમોનું પાલન કરી અકસ્માતોનું પ્રમાણ ઘટાડવા અંગેની જનજાગૃતિ રેલી યોજાઈ હતી. ટ્રાફિક પી.એસ.આઈ જાડેજાએ શાળાના બાળકોને ટ્રાફિક નિયમોથી અવગત કરાયા હતા.

ઝહીરાબાદમાં નિવૃત્ત ડીવાયએસ.પીના મકાનમાંથી ૧.૨૧ લાખની ચોરી

હિંમતનગર, તા. ૫

હિંમતનગરના ઝહીરાબાદ વિસ્તારમાં આવેલ નિવૃત ડીવાયએસપીના મકાનમાંથી ત્રણ દિવસ અગાઉ અજાણ્યા શખ્સો એક મકાનમાં પ્રવેશ કરી અંદરથી કેમેરા, મોબાઈલ તથા અન્ય ચીજવસ્તુઓ મળી રૂ. ૧.૨૧ લાખની મત્તાની ચોરી કરી હતી. ઉપરાંત અજાણ્યા શખ્સોએ અન્ય એક મકાનમાંથી પણ રૂ. ૫ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગેની ફરીયાદ સોમવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં નોંધાવા પામી હતી.

આ અંગે ઝહીરાબાદમાં રહેતા અને નિવૃત્ત ડીવાયએસપી મહંમદભાઈ નુરાભાઈ સુનેસરાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩ ફેબ્રુઆરીની રાત્રે અજાણ્યા શખ્સોએ તેમના મકાનમાં પ્રવેશ કરી ડીજી કેમેરા, મોબાઈલ, કારટીસ અને રોકડ મળી અંદાજે રૂ. ૧.૨૧ લાખની મત્તા ચોરી કરી લઈ ગયા હતા.

અજાણ્યા તસ્કરોએ મીગદાજ અલી ડોડીયાના મકાનમાંથી રૂ. ૫ હજારની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે મહંમદભાઈ સુનેસરાએ સોમવારે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

લોકસભાની ચૂંટણી માટે સાબરકાંઠામાં ૧૩૨૩ મતદાન મથકો ઉભા કરાશે

જિલ્લામાં સૌથી વધુ મતદાન મથકો ઈડર તાલુકામાં : સૌથી ઓછા પ્રાંતિજ તાલુકામાં : ચાર વિધાનસભાની બેઠકોમાં ૫૭૩૪ દિવ્યાંગ મતદારો નોંધાયા

હિંમતનગર, તા. ૫

લોકસભાની ચૂંટણી આગામી મહીનાઓમાં યોજવા માટે કેન્દ્રીય ચૂંટણીપંચે તમામ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ત્યારે લોકસભાની સાબરકાંઠા બેઠક માટે વહીવટીતંત્ર દ્વારા ૧૩૨૩ મતદાન મથકો મુકકર કરી દીધા છે. જેમાં સૌથી વધુ મતદાન મથકો ઈડર તાલુકામાં જ્યારે સૌથી ઓછા મતદાન મથકો પ્રાંતિજ વિધાનસભા બેઠકમાં છે.

આ અંગે મંગળવારે સાબરકાંઠા કલેક્ટર દ્વારા પત્રકારોને માહિતી આપતા જણાવ્યુ હતુ કે તા. ૩૧-૧-૨૦૧૯ના રોજ સાબરકાંઠાની હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા અને પ્રાંતિજ વિધાનસભા બેઠકમાં કુલ ૧૦,૧૩,૮૫૪ મતદારો નોંધાયેલા છે. જેમાં ૯૪૫ જેન્ડર મતદારો છે. તથા ઈપી રેસીયો ૬૩.૦૮ ટકા થવા જાય છે. જિલ્લામાં મતદાર ફોટો ઓળખકાર્ડ માટે ૧૦૦ ટકા લક્ષ્યાંક સિદ્ધ થયો છે.

મતદાન મથકોની વાત કરીએ તો ૨૭-હિંમતનગર વિધાનસભા બેઠક પૈકી ૨૭૫ ગ્રામ્ય જ્યારે ૬૪ શહેરી એમ કુલ ૩૩૯ મતદાન મથકો છે. તેજ પ્રમાણે ૨૮-ઈડર બેઠકમાં ૩૦૯ ગ્રામ્ય અને ૪૪ શહેરી મળી કુલ મતદાન મથકોની સંખ્યા ૩૫૩ થવા જાય છે. ૨૯-ખેડબ્રહ્મા બેઠકમાં ૩૦૯ ગ્રામ્ય જ્યારે ૧૭ શહેરી મતદાન મથકો મળી કુલ ૩૨૬ થવા જાય છે. ૩૩-પ્રાંતિજ વિધાનસભા બેઠકની વાત કરીએ તો તેમાં ૨૭૦ ગ્રામ્ય જ્યારે ૩૫ શહેરી એમ મળી ૩૦૫ મતદાન મથકો રહેશે.

આગામી લોકસભાની ચૂંટણીમાં તંત્ર દ્વારા જે ૧૩૨૩ મતદાન મથકો મુકરર કરાયા છે. ત્યારે મતદાન અને મત ગણતરી માટે ૭૯૩૮ મતદાન સ્ટાફની જરૂરીયાત રહેશે. જેની સામે તંત્ર પાસે ૯૫૮૮નો સ્ટાફ છે. જોકે કેન્દ્રીય ચૂંટણીપંચની માર્ગદર્શિકા મુજબ કંટ્રોલરૂમ તથા ફરીયાદ સેલ શરૂ કરાશે. જોકે હાલ જિલ્લાકક્ષાએ મતદારયાદી તથા ચૂંટણી સંબંધે જરૂરી માહિતી માટે ૧૯૫૦ ટોલ ફ્રી નંબર પર સેવા શરૂ કરી દેવાઈ છે.

અડપોદરામાં ૧૦ વર્ષની બાળકી સાથે દુષ્કર્મ કરાતા એક વિરૂદ્ધ ફરીયાદ

હિંમતનગર તાલુકાના અડપોદરા ગામે રહેતા એક હવસખોરે અઠવાડીયા અગાઉ એક ૧૦ વર્ષની બાળકીની એકલતાનો લાભ લઈ તેની સાથે ઉગ્ર જાતીય પ્રવેશ (દુષ્કર્મ) કરી ભાગી ગયો હતો. જે અંગે બાળકીના પિતાએ સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમાં આ હવસખોર વિરૂદ્ધ ફરીયાદ નોંધાવી હતી.

ભુતાવડ ગામમાં યુવાનો ધ્વારા સ્વચ્છતા અભિયાન

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના ભુતાવડ ગામમાં નવયુવાનો ધ્વારા સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ અંતર્ગત સ્વચ્છતાનો કાર્યક્રમ યોજાયો હતો. સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ દરમ્યાન ભુતાવડ ગ્રૂપ ગ્રામ પંચાયત સરપંચ, ડે.સરપંચ, ગ્રામ પંચાયત સદસ્યો, ભુતાવડ ગામના અગ્રણીઓ, નવયુવાનો ધ્વારા સફાઈ અભિયાન, પાણી બચાવવા સંદર્ભે ગ્રામજનોને માહિતગાર કરી સલાહ સુચનો આપ્યા હતા.

વડગામથી ગોળા જવાના માર્ગ પર

ખેતરોના માલિકો દ્વારા પાળા બનાવીને કરાયેલા દબાણો દુર કરીને રોડને પહોળો બનાવવા માંગ

ચોમાસામાં રોડ વચ્ચે પાણી ભરાઇ રહેતુ હોવાથી રાહદારીઓ તેમજ વાહનચાલકોને મુશ્કેલીઓ વેઠવી પડે છે

વડગામથી વાયા ગોળા થઈને અંબાજી જવાનો સિંગલ પટ્ટી માર્ગ આવેલો છે આ માર્ગ ઉપર છેલ્લા ઘણા સમયથી વડગામ થી ગોળા સુધીના માર્ગ ઉપર રોડની સાઈડો મા આવેલા ખેતરોના માલીકો દ્વારા રોડને અડીને જ પાળા બનાવીને દબાણો કરી દેવાયાછે જેના કારણે આ રોડ ઉપર ચોમાસા માં ઘુટણ સમા પાણી ભરાઇ રહેછે વાહનો તેમજ રાહદારી ઓને આ રોડ પરથી ચાલવુ મુશ્કેલ બની જાયછે ભાદરવી મહિના માં પણ આ રોડ પર અંબાજી જવા માટે પદયાત્રી ઓ નો ભારે ઘસારો રહેછે એક બાજુ સિંગલ પટ્ટી રોડ આવેલો છે અને બીજી બાજુ ખેતરોના માલિકો દ્વારા રોડની સાઈડો માં પાળા બનાવીને દબાણો કરી દેતા આમ જનતા ને મુશ્કેલીઓ વેઠવી પડેછે ત્યારે સ્ટેટના માર્ગ અને મકાનના સત્તાધીશો દ્વારા પાણી પહેલા પાળ બાંધીને આ માર્ગ ઉપર રોટને અડીને કરાયેલા પાળાઓ દુર કરીને રોડને વડગામથી ગોળા સુધી પહોળો કરાય તેવી આ વિસ્તારના લોકો તેમજ આમ જનતા માથી માગ ઉઠવા પામી છે.

છાપી થી વડગામ સુધી રોડને પહોળો બનાવાયો છે જયારે વડગામથી ગોળા જવાનો પાંચ કીલો મીટરનો રોડ સિંગલ પટ્ટી હોવાથી જો આ રોડ ને પહોળો બનાવાયતો આ વિસ્યારના લોકોને તેમજ ભાદરવામાં પદયાત્રી ઓ માટે આ રોડ સરળ બની રહે તેમછે એટલુ જ નહી પણ દર રવિવારના પણ આ રોડ પરથી વરસડા પગપાળા જતા લોકોનો ઘસારો વધી રહયો છે ઈસ્લામપુરા ગામમારોડની સાઈડો મા પગથી બનાવાઈ છે.

હડમતીયામાં સ્વાઇન ફ્લુથી અવસાન

આરોગ્ય તંત્રની ટીમ દ્વારા ગામમાં સર્વે કરાતા ૧૫ જેટલા ગ્રામજનોને તાવ, શરદી, ખાસી : મોત થયેલા યુવકના સંપર્ક મા આવેલા ૯ જેટલા ગ્રામજનોને ટેમીફ્લુ ગોળી અપાઇ : ડો. નિમીકા પટેલ

વડગામ તાલુકાના હડમતીયા ગામમાં એક યુવકનુ સ્વાઇન ફ્લુ થી મોત થતા સ્થાનિક આરોગ્ય તંત્ર હરકત મા આવી ગયુ છે જલોતરા પીએચસી કેન્દ્રના અંડર આવતા હડમતીયા મા એક યુવક ના મોતથી આરોગ્ય તંત્રમા પણ દોડધામ મચી જવા પામી છે.

ગામમા આશા વર્કર તેમજ હેલ્થ વર્કર દ્વારા સર્વે હાથ ધરતા હડમતીયા મા ૧૫ જેટલા લોકોને સામાન્ય તાવ શરદી ખાસી જેવી બિમારી લોકોમા હોવાનુ જાણવા મળ્યુ હતુ જેઓ ને પ્રાથમિક સારવાર આપવામા આવી હોવાનુ તેમજ મૃત્યુ પામેલા યુવકના સંપર્કમા રહેલા ૯ જેટલા લોકોને ટેમીફ્લુ ગોળી આપવામા આવી હોવાનુ જલોતરા પીએચસી ના ડૉ.નિમિકા પટેલને જણાવ્યુ હતુ તેમજ મૃત્યુ પામેલા યુવકનો રિપોર્ટ પોઝેટીવ હોવાનુ પણ જણાવાયુ હતુ આમ વડગામ પંથક મા સ્વાઇન ફ્લુ કેસ થી હડકંપ મચી જવા પામ્યો છે.

રાજ્યમાં સૌપ્રથમવાર અરવલ્લી જિલ્લામાં રોબોફેન લેબ ટ્રેનિંગમાં ૨૦૦ શિક્ષકોને પ્રોગ્રામિંગ તાલીમ

મોડાસા, તા. ૫

આજે ટેકનોલોજીનો દિવસેને દિવસે ઉપયોગ વધતો જ જાય છે. ત્યારે કોમ્પ્યુટરના યુગમાં દરેક વિદ્યાર્થીને પ્રાથમિક શાળામાંથી જ પ્રોગ્રામિંગ સહિતની તાલીમ મળે તે હેતુથી રાજ્યમાં પ્રથમવાર અરવલ્લી જિલ્લામાં શિક્ષકોને તાલિમ આપવા માટે રોબોફન લેબનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાના પ્રાથમિક શાળાના ૧૦૦ તેમજ માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના ૧૦૦ એમ કુલ ૨૦૦ શિક્ષકોને પ્રોગ્રામિંગની તાલિમ આપવામાં આવી હતી. મોડાસાની સરકારી એન્જિનિયરિંગ કોલેજ ખાતે રોબોફન લેબ ટ્રેનિંગના ચાર દિવસીય વર્કશોપમાં શિક્ષકોને કોમ્પ્યુટર લક્ષી પ્રોગ્રામિંગ અંગે વાકેફ કરવામાં આવ્યા હતા. સાયન્સ, ટેકનોલોજી, એન્જિનિયરિંગ અને મેથેમેટિક્સ એટલે કે, સ્ટેમના કોન્સેપ્ટ આધારિત ચાર દિવસિય રોબોફનથી તાલીમ મેળવનાર શિક્ષકો જિલ્લાના પ્રાથમિક, માધ્યમિક તેમજ ઉચ્ચત્તર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓને પ્રોગ્રામિંગની જાણકારી મળી રહે અને શિક્ષકોને મળેલી તાલિમથી આવનારા સમયમાં શાળાના બાળકોને લાભ મળી શકશે.

રોબોફન લેબ ટ્રેનિંગમાં માસ્ટર ટ્રેનર દ્વારા શિક્ષકોને તાલિમ આપવામાં આવી, જેના થકી હાલમાં ધોરણ ૫ થી ૧૨ના વિદ્યાર્થીઓને તેનો લાભ આપવામાં આવશે. રોબોફનમાં મેળવેલી તાલિમ થકી આવનારા સમયમાં બાળકો એનિમેશન તેમજ ગેમ બનાવતા શીખશે. સમગ્ર રાજ્ય એકમાત્ર અરવલ્લી જિલ્લામાં આ પ્રકારની પ્રથમ તાલિમ કેમ્પ આયોજિત કરવામાં આવી હતી. આ તાલિમ શાળાના બાળકો માટે આગામી સમયમાં ટેકનોલોજી ક્ષેત્રે મોબાઈલ તેમજ કોમ્પ્યુટર ટેકનોલોજી ક્ષેત્રે પોતાનું યોગદાન આપી શકશે. ચાર દિવસિય તાલીમ બાદ ૧ શિક્ષક ૧૦ વિદ્યાર્થીઓને પ્રોગ્રામિંગ તેમજ ગેમ બનાવતા શિખવશે. આ સાથે જ અટલ ટિકરિંગ લેબમાં બનતા વિવિધ પ્રોજેક્ટ તેમજ રોબોટમાં પ્રોગ્રામિંગ માટે આ તાલિમ મહત્વપૂર્ણ ઉપયોગી બની રહેશે.

રોબોફન તાલિમના પ્રથમ દિવસે જિલ્લા કલેક્ટર એમ.નાગરજને તેમજ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સમીર પટેલ દ્વારા રોબોફન લેબનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, તાલિમના છેલ્લા દિવસે જિલ્લા કલેક્ટરએ સ્વનિરિક્ષણ કર્યું હતું, અને તાલિમ અંગે શિક્ષકોના પ્રતિભાવો મેળવ્યા હતા, જેનો ખુબ જ સારો પ્રતિભાવ મળ્યો હતો. અરવલ્લી જિલ્લા વહીવટી તંત્રનો આ મહત્વપૂર્ણ કોન્સેપ્ટ માનવામાં આવી રહ્યો છે, જેનાથી જિલ્લાના બાળકો ભવિષ્યમાં પ્રોગ્રામિંગ સહિત ગેમ બનાવવા માટે હરણફાળ યોગદાન આપશે.

મોડાસામાં ઉમિયા મંદિરમાં ભવ્ય પાટોત્સવની ઉજવણીમાં માનવ મહેરામણ ઉમટ્યું

મોડાસાના મેઘરજ રોડ પર આવેલા મોડાસાના ઉમિયા મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવને એક વર્ષ પૂર્ણ થતા ભવ્ય પાટોત્સવની ઉજવણીમાં આજુબાજુના અગિયારથી વધુ કચ્છ કડવા પાટીદાર સમાજના કંપામાંથી પગપાળા સંઘો ધ્વજા સાથે પહોંચી મંદિરમાં ધજા ચઢાવી ધન્યતા અનુભવી હતી. કચ્છ કડવા પાટિદાર સમાજની કુળદેવી ઉમિયાના ધામ અને મોડાસા ખાતે આવેલા ઉમિયા મંદિરને એક વર્ષ પૂર્ણ થતાં ભવ્ય પાટોત્સવની ઉજવણી કરવામાં આવી હતી. બે દિવસિય પાટોત્સવમાં મુંબઈ, પુના, નાસિક સહિત ગુજરાતના વિવિધ વિસ્તારમાં વસતા કચ્છી પટેલ સમાજના લોકો મોટી સંખ્યામાં પાટોત્સવમાં દર્શનાર્થે ઉમટ્યા હતા પાટોત્સવ નિમિત્તે મંદિરમાં ચંડી યજ્ઞનું આયોજન અને મંદિરમાં ધજા ચઢાવવા આવી હતી. આ સાથે જ મા ઉમિયાના ધામ ખાતે આસપાસના અગિયાર જેટલા કંપાના લોકો પગપાળા સંઘ લઈને મોડાસાના ઉમિયા મંદિરે પહોંચ્યા હતા. પાટોત્સવમાં માનવસેવા હેતુ રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. હાસ્ય દરબાર જેવા કાર્યક્રમોનું પણ આયોજન કરાયું હતું, જેમાં મોટી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા.

પાટણ તાલુકાના ધારણોજ ગામે જહુમાતા માતાજીનો પ્રથમ પાટોત્સવ યોજાયો

પાટણ, તા. ૬

પાટણ તાલુકાના ધારણોજ ગામ ખાતે આવેલ શ્રી જહુમાતાજીનું પ્રસિધ્ધ સ્થાન છે. તે પાટણ જિલ્લા સહિત સમગ્ર પંથકમાં લોકોની ધાર્મીક આસ્થા અને શ્રધ્ધાનું કેન્દ્ર બની રહેલ છે. દૂર દૂરથી શ્રધ્ધાળુઓમાં જહુમાતાના દર્શનાર્થે આવી તેમની મનોકામના-બાધા માનતા પૂરી કરી દર્શનનો લાભ લઈને ધન્યતા અનુભવે છે. દર પૂનમ અને રવીવારે યાત્રિકોનો વધુ ઘસારો રહે છે. અને આ સ્થળ યાત્રાધામ તરીકે ઉભરી રહ્યું છે. જહુ માતાજીનો આજ રોજ પ્રથમ પાટોત્સવ યોજાયો હતો.

ધારણોજ ગામે આ પ્રસિધ્ધ શ્રધ્ધા કેન્દ્ર ખાતે ગઈ સાલ તા.૨/૩/૪ ફેબ્રુઆરી-૨૦૧૮ના રોજ માતાજીનો ત્રિ-દિવસીય ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ ધામધુમથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં આશરે પાંચ લાખથી વધુ શ્રધ્ધાળુઓએ આ ધાર્મિક ઉત્સવનો ઉમંગભેર લાભ લીધો હતો. માતાજીના પાટોત્સવ મહોત્સવમાં શ્રી ઓગડમહંત શ્રી ૧૦૦૮ બળદેવનાથજી મહારાજ દેવદરબાર (જાગીરમઠ) ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી લાખો માઈભકત શ્રધ્ધાળું યાત્રિકો માતાજીના દર્શનાર્થે પધાર્યા હતા.

જહુ માતાજી મંદિરના પ્રથમ પાટોત્સવ પ્રસંગે આજે શોભાયાત્રા દુધારામપુરાથી નિકળી ધારણોજ ગામે આવી હતી. માતાજીનો નવચંડી યજ્ઞ કરવામાં આવ્યો હતો. તેમજ શ્રધ્ધાળુઓએ ભોજન પ્રસાદ લીધો હતો.